## સુરતના ઐતિહાસિક કિલ્લા પાસે જ ગંદકીનું તળાવ



■ સ્વચ્છતામાં ચેમ્પિયન સ્માર્ટ સુરતના ચોક વિસ્તારમાં આવેલો કિલ્લો શહેરની ઐતિહાસિક ઓળખ છે. જો કે સુરતની શાન ગણાતા આ કિલ્લા પાસે જ ગંદકી આંખ ફાડે તેવી દેખાઈ રહી છે. કિલ્લાની લગોલગ જ વરસાદી પાણીનું જાણે તળાવ બની ગયું છે અને લીલથી ઊભરાતા આ તળાવમાં પારાવાર ગંદકીના દ્રશ્યો દેખાઈ રહ્યા છે. (તસવીરઃ સતિષ જાદવ)

# ધો. ૧૧ના વિદ્યાર્થી અને વિદ્યાર્થિની વિલ્સન હિલ પરથી મળ્યાં

**શરીર** સંબંધ બાંધ્યા હોવાના પૂરાવા મળતા સગીર સામે પોક્સો હેઠળ ગુનો નોંધાયો

**ટ્યુશનમાં** પ્રેમસંબંધ બંધાયા બાદ શાળાએ જવાનું કહી નીકળી ગયાં હતાં

સુરતઃ વરાછા વિસ્તારમાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરા તેની સાથે ટ્યુશનમાં ભણતા સગીર વયના મિત્ર સાથે ગુમ થઈ જવાની ઘટનામાં નવો મોડ આવ્યો છે. પિતાની અપહરણની ફરિયાદના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી વલસાડના ધરમપુર સ્થિત વિલ્સન હિલ્સ ખાતેથી બંનેને શોધી કાઢ્યા છે.

અશ્વિનીકુમાર રોડ પર રહેતા પરિવારની ૧૭ વર્ષીય દીકરી વરાછાની શાળામાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે. ગત ૫ ઓગસ્ટના રોજ સવારે સગીરા પોતાના નાના ભાઈ સાથે શાળાએ જવા માટે ઘરેથી નીકળ્યા બાદ પિતાએ પોલીસ મથકે દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવી હતી.પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, ભોગ બનનાર સગીરાને ટ્યુશન ક્લાસીસમાં સાથે જ અભ્યાસ કરતા ધોરણ ૧૧ ના અન્ય એક સગીર સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. બનાવના દિવસે બંને પોતપોતાના ઘરેથી શાળાએ જવાનું કહીને નીકળ્યા બાદ સુરતથી સાથે ભાગી ગયા હતા અને વલસાડના ધરમપુર ખાતે આવેલા વિલ્સન હિલ્સ પહોંચ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધો પણ બંધાયા હોવાનું ખૂલવા પામ્યું હતું.

# પોલીસની નોટિસ છતાં બે તબીબ હાજર થતાં નથી

**ડો. હર્ષ** આપઘાત કેસમાં ચાર સિનિયર તબીબો સામે ધરપકડની તલવાર

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં પોલીસ તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ ચાર સિનિયર તબીબોની મુશ્કેલી વધતી જણાઈ રહી છે. રેગિંગ અને માનસિક ત્રાસના આક્ષેપો હેઠળ ચાર તબીબો સામે ગુનો નોંધાયા બાદ પોલીસે પૂછપરછ માટે નોટિસ પાઠવી હતી. બે તબીબો પોલીસ સમક્ષ હાજર થઈ ચૂક્યા છે, જ્યારે બે તબીબો નોટિસ છતાં હાજર ન થતાં હવે પોલીસ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની દિશામાં આગળ વધી રહી છે.



મૃતક ડો. હર્ષ

નવી સિવિલ હોસ્પિટલના માઈક્રોબાયોલોજી વિભાગમાં રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. હર્ષ પંડ્યાએ 9 ઓગસ્ટના રોજ હોસ્પિટલના હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાને પગલે મેડિકલ કેમ્પસમાં ભારે ચકચાર મચી હતી. ખટોદરા પોલીસે તપાસ શરૂ કરી પરિવારજનો સહિત સંબંધિત વ્યક્તિઓના નિવેદનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતક ડૉ. હર્ષના પિતા ડૉ. સુભાષચંદ્ર પંડ્યાની ફરિયાદના આધારે ખટોદરા પોલીસે ચાર સિનિયર રેસિડેન્ટ તબીબો ડૉ. નીરાલી વસાવે, ડૉ. અનુજ મહેશ્વરી, ડૉ. દિશિતા ગેવરીયા અને ડૉ. હીના ભૂત વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

આ ફરિયાદ બાદ ખટોદરા પોલીસે ચારેય તબીબોને પૂછપરછ માટે નોટિસ પાઠવી હતી. જેમાં ડૉ. અનુજ મહેશ્વરી અને ડૉ. દિશિતા ગેવરીયા પોલીસ સમક્ષ હાજર થઈ નિવેદન આપ્યું હતું. જોકે, ડૉ. નીરાલી વસાવે અને ડૉ. હીના ભૂત નોટિસ મળ્યા બાદ પણ પોલીસ સમક્ષ હાજર થયા નહોતા. બંને તબીબો સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા જેવા ગંભીર ગુનામાં કાર્યવાહી થઈ શકે તેવી આશંકાને પગલે તેઓ પોલીસ સમક્ષ હાજર થવાનું ટાળી રહ્યા હોવાનું પોલીસ માની રહી છે.

## કતારગામમાં લગ્નના એક જ વર્ષમાં પરિણીતાએ ફાંસો ખાધો

સુરતઃ કતારગામ વિસ્તારમાં લગ્નના એક જ વર્ષમાં 23 વર્ષીય પરિણીતાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ બોટાદ જિલ્લાના પાળીયાદના વતની અને હાલ કતારગામ નારાયણનગર સ્થિત ગાયત્રી પરિવાર સોસાયટી વિભાગ-2માં રહેતા રાહુલભાઈ શેઠ હીરાની ઓફિસમાં નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરે છે. રાહુલભાઈના આશરે એક વર્ષ પહેલાં જ 23 વર્ષીય કિંજલ સાથે લગ્ન થયા હતા. રવિવારના બપોરના સમયે કિંજલે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. કિંજલે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી. બનાવ અંગે કતારગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# મુસીબતપુરાના કિન્નરોની કલેક્ટરને ફરિયાદ

**ઘરોમાં** પાણી ભરાવા છતાં હજી સહાય મળી નથી

સુરતઃ સુરત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલા મુસીબતપુરાના રહેવાસીઓએ કેશ ડોલની સહાય સહિત વિવિધ સમસ્યાઓને લઈને જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી. કિન્નરો તથા સ્થાનિક રહેવાસીઓ દ્વારા આપવામાં આવેલા આવેદનમાં તંત્રની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન મુસીબતપુરા વિસ્તારમાં અનેક ઘરોમાં વરસાદી પાણી ભરાઈ જાય છે. પાણી ભરાવાને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તેમ છતાં તંત્ર દ્વારા પૂરતી કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો લોકોએ આક્ષેપ કર્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિ બાદ તંત્ર દ્વારા નુકસાન અંગે સરવે કરવાની કામગીરી કરવામાં આવી હતી. જોકે, સરવે કરવા માટે અધિકારીઓ અને કર્મચારીઓ આવ્યા હોવા છતાં હજુ સુધી અનેક અસરગ્રસ્ત પરિવારોને કેશ ડોલની સહાય મળી નથી.

જેથી અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. રહેવાસીઓના આક્ષેપ મુજબ, વિસ્તારમાં આવેલી પાણીની પાઈપલાઈન મારફતે કેટલીક વખત ગંદુ અને દુષિત પાણી આવે છે. જેના કારણે લોકોને પીવાના પાણી માટે પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# બુટલેગરે ૨૫,૦૦૦ના પગારે દારૂ વેચવા માણસો રાખ્યા

**ઉત્રાણ** પાવર હાઉસ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડામાં દારૂની ૧૩૨૨ બોટલ મળી

**દારૂનો** અડ્ડો ચલાવનાર મુકેશ સૈદાણેને વોન્ટેડ જાહેર કરાયો

સુરતઃ ઉત્રાણ DGVCL અને પાવર હાઉસ વચ્ચેના જાહેર રોડ પર ઝૂંપડી બનાવી વિદેશી દારૂનો અડ્ડો ચલાવતા બુટલેગરોના નેટવર્ક પર ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે રૂ. ૪.૫૪ લાખની કિંમતની ૧૩૨૨ દારૂની બોટલો, હોન્ડા સિટી અને ઈનોવા કાર, ૨ મોબાઈલ તથા રોકડ રકમ મળી કુલ રૂ. ૧૯,૯૪,૧૫૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

SMC ની ટીમે પ્લાસ્ટિકની તાડપતરી વાળી ઝૂંપડીમાંથી દારૂનું વેચાણ કરતા ઉત્તર પ્રદેશના વતની એવા દીપકકુમાર ઓમપ્રકાશ દીક્ષિત (ઉ.વ. ૨૯, રહે. ઉન્નાવ, યુ.પી.) અને અમન રાજકુમાર પટેલ (ઉ.વ. ૧૯, રહે. બનારસ, યુ.પી.)ને રોકડા ૧૩,૮૦૦ અને દારૂના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે આ દારૂનો કાળો કારોબાર ઉત્રાણ સમતાનગરમાં રહેતો મુખ્ય બુટલેગર મુકેશ દામુભાઈ સૈદાણે ચલાવે છે. મુકેશ તેઓને મહિને રૂ. ૨૫,૦૦૦ના પગારે રાખી રહેવા-જમવાની સુવિધા આપતો હતો. મુકેશ સૈદાણે પોતાની હોન્ડા સિટી કાર (GJ-01-RS-0003) અને ઈનોવા કાર (GJ-01-RS-0003) માં દારૂનો જથ્થો સંતાડી રાખતો હતો અને જરૂર મુજબ ઝૂંપડીએ પહોંચાડતો હતો. પોલીસે બંને લક્ઝુરિયસ કારમાંથી પણ મોટી માત્રામાં દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો.

મુખ્ય આરોપી મુકેશ સૈદાણેનો ઈ-ગુજકોપ મારફતે હિસ્ટ્રી ચેક કરતા તેના પર અગાઉ પણ અમરોલી અને પાંડેસરા પોલીસ મથકમાં પ્રોહિબિશન તથા પાસા/જીપી એક્ટ હેઠળ ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બે આરોપીઓ તથા દારૂ સપ્લાય કરનાર મુખ્ય સૂત્રધાર મુકેશ સૈદાણે, રોનક, વિજય ફ્રુટ સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# પત્ની સાથે સંબંધની શંકામાં મટનના વેપારીને ચપ્પુ માર્યું

**પૂર્વ** મિત્રએ ધમકી આપ્યા બાદ સૈયદપુરામાં હુમલો

સુરતઃ લાલગેટ ચમેલી મસ્જિદ પાસે જાહેર રોડના ફૂટપાથ પર ચીકન-મટનનો વેપાર કરતાં યુવક પર ચારિત્ર્યની શંકા રાખી પૂર્વ મિત્ર સહિત ત્રણ ઈસમે ચપ્પુ વડે જાનલેવા હુમલો કર્યો હતો.

સૈયદપુરા શાક માર્કેટ પાસે આવેલા હના પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા મોહમંદ આરીફ મોહમંદ શબ્બીર રઝાક (ઉં.વ.૩૬) લાલગેટ ચમેલી મસ્જિદ પાસે ફૂટપાથ પર ટેબલ રાખી ચીકન-મટનનો ધંધો કરે છે. ગત તા. ૧૬/૦૮/૨૦૨૬ ના રોજ સવારે તેમનો અગાઉનો મિત્ર મોહસીન ઉર્ફે માયા રફીક શાહ (રહે., શાબરીનગર, ભરીમાતા રોડ, ચોક બજાર) ત્યાં આવ્યો હતો. મોહસીને "તું મારી પત્ની સાથે કેમ સંબંધ રાખે છે" તેમ કહી ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ મોહસીન ઉર્ફે માયા એક ઓટોરિક્ષામાં રિક્ષાચાલક અને અન્ય એક ઈસમ સાથે ફરી ત્યાં આવ્યો હતો. મોહસીનના કહેવાથી રિક્ષામાંથી ઉતરેલા અજાણ્યા ઈસમે ચપ્પુ કાઢી અચાનક મોહમંદ આરીફના ડાબા પગની જાંઘના ભાગે બે ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ પડોશી ઈમુભાઈએ ભોગ બનનારને તાત્કાલિક ઓટોરિક્ષામાં લોખાત હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હોસ્પિટલના જનરલ વોર્ડમાંથી પોલીસે મોહમંદ આરીફનું નિવેદન નોંધી મુખ્ય આરોપી મોહસીન ઉર્ફે માયા, અજાણ્યો હુમલાખોર અને રિક્ષાચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાલમાં બેભાન હાલતમાં મળેલા 24 વર્ષીય યુવકનું મોત

સુરતઃ પાલમાં ડિવાઈડર પરથી રહસ્યમય સંજોગોમાં બેભાન મળી આવેલા 24 વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશનો વતની અલખરામ ગણપત કિશ્વાહ (ઉં.વ. 24) હાલ ભાઠાગામ ખાતે આવેલી વિનર્સ એલીગન્સ નામની નવી બંધાતી બિલ્ડિંગમાં રહેતો હતો અને ત્યાં કલરકામ કરતો હતો. કાલે રાત્રે પાલ ખાતે લક્ષ્મી હાઉસ નજીક હાઈવે રોડ પર ડિવાઈડરની વચ્ચેથી અલખરામ રહસ્યમય સંજોગોમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન અલખરામનું મોત નીપજ્યું હતું. યુવકનું મોત કયા સંજોગોમાં થયું તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. પાલ પોલીસે તપાસ હાથ ધરી છે.

## ૧.૬૩ કરોડના ગોલ્ડ માઈનિંગ ફ્રોડમાં આરોપીનો જામીન પર છૂટકારો

સુરતઃ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આશરે રૂ. ૧,૬૩,૯૮,૦૧૨ના આંતરરાષ્ટ્રીય ગોલ્ડ માઈનિંગ ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડના ગુનામાં લાજપોર જેલમાં બંધ ઉત્તરાખંડના રહેવાસી આરોપી મોહમ્મદ ઉવેશ મોહમ્મદ નસરુદ્દીનની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ મયુર પટેલે જામીન અરજીની સુનાવણી દરમિયાન દલીલ કરી હતી કે ફરિયાદી દ્વારા ગુમાવાયેલી રકમમાંથી આરોપીના ખાતામાં કોઈ સીધા નાણાં જમા થયા નથી. આરોપી માત્ર સામાન્ય ઈલેક્ટ્રિશિયન છે અને મુખ્ય સૂત્રધારોની વાતોમાં આવી અજાણતા આ કાવતરાનો ભોગ બન્યો છે. બન્ને પક્ષની રજૂઆત અને દસ્તાવેજોને ધ્યાને રાખી કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

# 1.52 કરોડના સાયબર ફ્રોડમાં 8 પાસ આરોપી ઝડપાયો

**બોગસ** વેબસાઇટ બનાવી ૧૬ અલગ-અલગ બેંક ખાતામાં નાણાં પડાવ્યાં હતાં

સુરત : શેરબજારમાં ડોલર ઈન્વેસ્ટમેન્ટના નામે ઊંચા વળતરની લાલચ આપી સુરતના નાગરિક પાસેથી રૂપિયા 1.52 કરોડથી વધુની છેતરપિંડીના કેસમાં સુરત સાયબર ક્રાઈમ પોલીસે રાજકોટના મૂળ વતની રિયાઝ ઉર્ફે શોયેબ કરીમભાઈ મિર્ઝાની ખંભાળિયાથી ધરપકડ કરી છે.

સાયબર ગઠિયાઓએ 14 નવેમ્બર, 2025થી 10 ફેબ્રુઆરી, 2026 દરમિયાન ફરિયાદીનો વોટ્સએપ મારફતે 'કૃતિ સાજી' અને 'પ્રિતિ શરાફ' નામે સંપર્ક કર્યો હતો. શેરબજારમાં ડોલરમાં રોકાણ કરવાથી મોટો નફો થશે તેવી લાલચ આપી બોગસ વેબસાઈટની લિંક મોકલી રજિસ્ટ્રેશન કરાવાયું હતું. ત્યારબાદ ઈન્ડસઈન્ડ, એક્સિસ, બેંક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેંક સહિતની આશરે 16 બેંક ખાતામાં કુલ રૂપિયા 1.52 કરોડ જમા કરાવડાવ્યા હતા.

ફરિયાદીના ટ્રેડિંગ એકાઉન્ટમાં ખોટો નફો દર્શાવ્યા બાદ જ્યારે તેણે રોકાણની રકમ અને નફો ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઠગોએ ટેક્સ અને પ્રોસેસિંગ ચાર્જના નામે વધુ રકમની માંગણી કરી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં ફરિયાદીએ 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કરતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

તપાસ દરમિયાન આરોપી મુંબઈથી ભાગીને ખંભાળિયાની કે.જી.એન. સોસાયટીમાં નવું મકાન રાખીને રહેતો હોવાની બાતમી મળતાં પોલીસ ટીમે દરોડો પાડી તેને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં રિયાઝ સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરી માટે કમિશન પર બેંક ખાતાં મેળવતો હોવાનું સામે આવ્યું છે.

આ ખાતાં તે ફરાર સાયબર માફિયાઓને પહોંચાડી 3 ટકા કમિશન મેળવતો હતો. આ કેસમાં પોલીસે અગાઉ મિનેષકુમાર સોલંકી, અનિલ ગુપ્તા અને જીમ સંચાલક વિકાસસિંહ ભદોરીયાની ધરપકડ કરી હતી. હવે અન્ય ફરાર આરોપીઓ સુધી પહોંચવા તપાસ તેજ કરવામાં આવી છે.

## પાંડેસરામાં આર્થિક સંકડામણમાં યુવકનો ફાંસો ખાઈને આપઘાત

સુરતઃ છેલ્લા કેટલાક સમયથી આર્થિક સંકડામણમાં આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે તેમાં પાંડેસરામાં આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ બિહાર ઔરંગાબાદના વતની ટીંકુ કુલદીપ પાસવાન (ઉં.વ.27) હાલમાં પાંડેસરા વડોદગામના કમલા ચોક પાસે આવેલ મહાવીર નગરમાં રહેતો હતો અને સંચા ખાતામાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદ કરતો હતો. રવિવારે સાંજે ટીંકુએ રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં, ટીંકુએ આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે. પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂની અદાવતમાં વેડ રોડના માથાભારે બુટલેગરની હત્યા

**વેડરોડની** સોસાયટીના ગેટ પાસે મકાન દલાલની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરનાર ત્રણ આરોપી ઝડપાયા

સુરત : વેડરોડ ખાતે આવેલી પ્રભુનગર-૧ સોસાયટીના ગેટ પાસે રવિવારે રાત્રે જૂની માથાકૂટનો ખાર રાખી ત્રણ બાઈકસવાર ઈસમોએ માથાભારે કલ્પેશ પારધી પર તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હત્યા કરી હતી. આ ગુનામાં ચોકબજાર પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્રણેય આરોપીને ઝડપી પાડ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પ્રભુનગર-૧માં રહેતા અને મકાન દલાલીનું કામ કરતા ૩૬ વર્ષીય કલ્પેશ જીવણભાઈ પારધી રવિવારે રાત્રે આશરે ૧૦:૪૫ વાગ્યાના સુમારે સોસાયટીના ગેટ પાસે ઊભા હતા. આ દરમિયાન એક બાઈક પર આવેલા ડેનિસ ઉર્ફે ડેનિયો, એચ.કે. અને ભગી નામના ત્રણ ઈસમોએ અચાનક કલ્પેશ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ કલ્પેશની કમર, થાપા, સાથળ અને કૂલ્લાના ભાગે ઉપરાઉપરી ઘા ઝીંકી દેતાં લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. હુમલા બાદ પરિવારજનો તેને પ્રથમ પ્રાણનાથ હોસ્પિટલ અને ત્યારબાદ સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે રવિવારે સવારે આરોપી ડેનિસ ઉર્ફે ડેનિયો કલ્પેશના ઘર પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બંને વચ્ચે ગાળાગાળી અને બોલાચાલી થઈ હતી. રાત્રે તે તેના સાગરીતો સાથે તૈયારી સાથે આવ્યો હતો અને કલ્પેશ પર જીવલેણ હુમલો કર્યો હતો. ચોકબજાર પોલીસે આ મામલે ઝડપી તપાસ ચલાવીને ત્રણેય આરોપીઓ ડેનિસ ઉર્ફે ડેનિયો, એચ.કે. અને ભગીને દબોચી લીધા છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે મૃતક કલ્પેશ અગાઉ દારૂના ધંધા સાથે સંકળાયેલો હતો અને વિસ્તારમાં માથાભારે છાપ ધરાવતો હતો. ઉપરાંત, તેની પત્ની અગાઉ ચાર વખત અને હાલ દસ દિવસ પહેલા જ અન્ય વ્યક્તિ સાથે જતી રહી હોવાનું બહાર આવ્યું છે.

# ફાયરિંગ-લૂંટ કેસમાં ૧૦ વર્ષથી ફરાર ઝડપાયો

**સૈયદપુરાના** ઇમિટેશન જ્વેલરીના વેપારીને લૂંટી લીધો હતો

**બાઇક** સ્લિપ થઇ જતાં એક આરોપી જે તે સમયે પકડાઇ ગયો હતો

સુરતઃ વર્ષ 2016માં સૈયદપુરા વિસ્તારમાં ઈમિટેશનના વેપારીને લાકડાના ફટકા મારી લૂંટ ચલાવ્યા બાદ ફાયરિંગ કરી ફરાર થઈ ગયેલા આરોપીઓ પૈકીના એકને પીસીબીની ટીમે ઝડપી પાડ્યો છે.

ચોકબજાર પો.સ્ટે.ના વર્ષ ૨૦૧૬ના લૂંટ અને હત્યાની કોશિશના ગુનામાં નાસતો-ફરતો આરોપી મુનીરૂલ ઉર્ફે મનીરૂલ હારૂન મંડલ (ઉં.વ.૪૩, રહે., પંચવટી સોસાયટી પાસે, પાંડેસરા, સુરત, મૂળ વર્ધમાન, વેસ્ટ બંગાલ) ખટોદરા, મોના ડાઈંગ પાછળ આવેલી ઉમા ઈન્ડસ્ટ્રિઝની રાજ લક્ષ્મી ફેશન ખાતે હાજર હોવાની બાતમી મળતા પોલીસે તેને દબોચી લીધો હતો.પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે જાન્યુઆરી-૨૦૧૬માં તે તેના મિત્ર મોહસીન બાબુ ખાન સાથે ચોકબજાર વિસ્તારમાં રહેતો હતો. તે વખતે બંનેએ ભેગા મળી ઈમિટેશન જ્વેલરીનો ધંધો કરતા મિત્તલભાઈ વિનોદભાઈ મહેતાને સૈયદપુરા, ડાયમંડ બિલ્ડિંગ પાસે ઘેરી લઈ લાકડાના ફટકા મારી ઈજા પહોંચાડી હતી. લૂંટ ચલાવીને મોટરસાઈકલ પર ભાગવા જતાં તેમની બાઈક સ્લિપ થઈ ગઈ હતી. આથી સ્થળ પર ફાયરિંગ કરીને ભાગતી વખતે તેનો સાથીદાર મોહસીન પકડાઈ ગયો હતો, જ્યારે મુનીરૂલ ત્યારથી સતત પોલીસથી બચવા નાસતો-ફરતો હતો.

# હવે સુરત-ઉધના વચ્ચેના 5 કિમી રેલખંડ પર રાતે પણ કેમેરાની નજર

**60** નાઇટ વિઝન CCTV લગાવાશે, મોબાઇલ સ્નેચિંગમાં યાત્રીના મોત બાદ સુરક્ષા યોજના

સુરતઃ ટ્રેનોમાં મુસાફરો સાથે થતી સ્નેચિંગ, સામાનની ચોરી, પથ્થરમારો અને ટ્રેક પર થતી ફોજદારી પ્રવૃત્તિઓ પર હવે ચાંપતી નજર રાખવામાં આવશે. પશ્ચિમ રેલવેએ સુરત-ઉધના વચ્ચેના લગભગ 5 કિલોમીટર લાંબા મેઈન લાઇન રેલખંડ પર 60 નાઇટ વિઝન CCTV કેમેરા લગાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ માટે પશ્ચિમ રેલવેની RPF દ્વારા સરવેનું કામ પણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. કેમેરા અપ અને ડાઉન બંને રેલ લાઇનના મહત્ત્વપૂર્ણ ભાગોને કવર કરશે.

### 2017થી સતત સામે આવી રહી છે ઘટનાઓ

સુરત-ઉધના વચ્ચે વર્ષ 2017થી 2019 દરમિયાન ગોલ્ડન ટેમ્પલ મેઈલ સહિત અનેક ટ્રેનોમાં પથ્થરમારો અને ટ્રેનની સામે લોખંડની વસ્તુ મુકવા જેવી ગંભીર ઘટનાઓ સામે આવી ચૂકી છે. ત્યારબાદ 2020થી 2025ના સમયગાળા દરમિયાન ચાલતી ટ્રેનોમાં મુસાફરોના મોબાઇલ ઝૂંટવી લેવા, સામાન ચોરી કરવા અને વારદાત બાદ આરોપીઓના ફરાર થવાની ઘટનાઓ પણ સામે આવતી રહી છે.

### ભેસ્તાન બાયપાસ લાઇન પર નિયોલ સુધી 25 CCTV કાર્યરત

ભેસ્તાન બાયપાસ લાઇન પર સપ્ટેમ્બર-ઓક્ટોબર 2024માં ચાલતી ટ્રેનોમાં મુસાફરોને છરી બતાવીને જબરદસ્તી લૂંટફાટ કરવાની ઘટનાઓએ પણ સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઊભા કર્યા હતા. ટ્રેક અને ચાલતી ટ્રેન સાથે જોડાયેલી આ વારદાતોમાં આરોપીઓ ઘણીવાર ઘટના બાદ તરત જ અંધારાનો અને આસપાસના ખુલ્લા વિસ્તારનો ફાયદો ઉઠાવીને ભાગી છૂટતા હતા. જેના કારણે તેમની ઓળખ અને ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરવા પડકારરૂપ બનતું હતું. આથી ભેસ્તાન બાયપાસ લાઇન પર નિયોલ સુધી 25 CCTV કેમેરા પહેલાં જ લગાવી દેવામાં આવ્યાં છે.

# ભટારની હોસ્પિટલમાં બાળકના મોતમાં બેદરકારીનો આક્ષેપ

**સાંજે** બાળકના નામકરણની વિધિ હતી

**સાંચી** હોસ્પિટલે આક્ષેપો નકારી નાંખ્યા

સુરતઃ પાંડેસરામાં પિયરે આવેલી પરિણીતાના એક માસના નવજાત બાળકને શ્વાસ લેવામાં તકલીફ અને લોહીની ઊલટી થતાં સારવાર માટે ભટારની સાચી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું. જોકે, સારવાર દરમિયાન બાળકનું મોત થતાં પરિવાર શોકમાં ગરકાવ થયો હતો. પરિવારજનોએ હોસ્પિટલના સ્ટાફ પર બેદરકારી અને યોગ્ય સારવાર નહીં આપવાના ગંભીર આક્ષેપો કર્યા છે. સાંચી ચિલ્ડ્રન હોસ્પિટલના તબીબ ડો. સૌરીન ખાટીવાલાએ પરિવારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમને જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં બાળકને યોગ્ય અને જરૂરી સારવાર આપવામાં આવી હતી અને હોસ્પિટલની બેદરકારીના આક્ષેપો ખોટા છે.

કાપોદ્રાના લક્ષ્મણ નગરમાં રહેતા મચ્છેન્દ્રપ્રસાદ બચ્છાવના પરિવારમાં એક માસ પહેલાં બાળકનો જન્મ થયો હતો. બાળકની માતા રૂપાલીની પ્રસૂતિ બાદ પાંડેસરા ખાતે પોતાના પિયરમાં આવી હતી. દરમિયાન શનિવારના રોજ નવજાત બાળકને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમજ લોહીની ઊલટી થતાં તેને સારવાર માટે ભટારની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી, જ્યાં કાલે સાંજે બાળકનું નામકરણ થાય તે પહેલાં મોત નીપજ્યું હતું. બાળકના મોતથી પરિવારજનોમાં ભારે શોક ફેલાયો હતો. પરિવારજનોએ હોસ્પિટલ તંત્ર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, બાળકની જરૂરી સંભાળ રાખવામાં આવી નહોતી અને યોગ્ય સારવારના અભાવે બાળકનું મોત થયું છે.